| | | | |
|---|---|---|---|
| દાખલ તા. | ૦૭–૦૭–૨૦૨૨ | | |
| નોંધ્યા તાઃ | ૦૭–૦૭–૨૦૨૨ | | |
| ફેંસલ તાઃ | ૧૩–૦૫–૨૦૨૩ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૦ | ૦૬ |

**બાયડના મહે. એડી. સીની. સીવીલ જજ અને એડી ચીફ જ્યુડી.મેજી.સાહેબની કોર્ટ, મું. બાયડ.**

**ફોજદારી કેસ નંબરઃ ૯૨૬/૨૦૨૨**

**આંકઃ ૧૧**

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– ગણપતલાલ પરભુજી પુરોહિત
રહે.બોમ્બે હાઉસીંગ , બાપુનગર, અમદાવાદ
મુળ રહે.કોટડા,તા.રાણીવાડા, જી.ઝાલોદ(રાજસ્થાન)

**ગુન્હોઃ– ઈ.પી.કો.કલમ ૨૭૯, ૩૩૭, ૩૦૪(એ) તથા એમ.વી. એક્ટ ની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ**

---

ફરીયાદી પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી વી.બી.પ્રજાપતિ.
આરોપી પક્ષ તર્ફે વિ.વ.શ્રી ડી.આર.પટેલ.

---

**:: જજમેન્ટ ::**

1. આ કામના આરોપી/ઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭, ૩૦૪(અ)તથા એમ. વી. એક્ટ ની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો આંબલિયારા પોલીસ મથકે પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૧૨૨૦૦૬૬/૨૦૨૨ થી નોંધાયેલ છે અને તપાસના અંતે તપાસ અધિકારીએ સદરહૂ ગુન્હાનુ ચાર્જશીટ કરતાં જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થઇ અત્રેની અદાલતમાં ઇન્સાફી કાર્યવાહી માટે રાખેલ છે.

2. નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા સરકયુલેટ કરવામાં આવેલ નોટીફીકેશન અનુસંધાને આજરોજ અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ યોજેલ છે જેમાં હાલના કામે આરોપી હાજર થઈ જણાવે છે કે, તેઓ આ ગુન્હો કબુલ કરવા માંગે છે. તેઓએ તેમની રાજીખુશી અને મુકતસંમતિથી આંક– ૯ થી કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. આરોપીનુ આંક –૧૦ થી નિવેદન લેતાં ગુન્હા કબુલાતની પુરસીશને વળગી રહે છે. આરોપીની સ્વૈચ્છીક ગુન્હા કબુલાત ધ્યાને લઇ ઉપરોકત ગુન્હા અંગે તકસીરવાર ઠરાવુ છું.

3. આરોપીને સજા અંગે સાંભળ્યા. આરોપીની કબુલાતની પુરસીશ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લીધા. વધુમાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમવારનો ગુન્હો છે જે શરતચુક થી થયેલ છે, ભવિષ્યમાં તે બાબતની તકેદારી રાખશે અને તેવા પ્રકારનો કોઇ ગુન્હો કરશે નહી. તે કુટુંબમાં કમાનાર એક જ વ્યકિત છે. આરોપી ઉપર તેના કુટુંબના સંચાલનનો મહત્વનો આધાર છે. આરોપીના કૃત્ય બદલ તેમના પરિવારે પણ પેસીવ પનીસમેન્ટ ભોગવવી પડતી હોય છે. ભવિષ્યમાં આરોપી આવો ગુન્હો નહી કરે તેવી બાહેંધરી કોર્ટ રૂબરૂ આપેલ હોય તેમજ આરોપીને સુધરવાની તક મળે તે હેતુને તથા તમામ હકીકતો અને સંજોગો ધ્યાનમાં રાખી નામદાર ગુજરાત વડી અદાલતના **'રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર'** (૨૦૦૫(૧)ગુ.લો.રીપોર્ટર પાનુ ૭૦૯) નો ચુકાદો તેમજ આરોપીની ગુન્હા કબુલાતની પુરસીશ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લેતા આરોપીને કાયદાનુસારની ન્યુનતમ કે મહત્તમ સજા ના કરવાથી પણ ન્યાયનુ હીત જળવાઇ રહેશે તેમ જણાતુ હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**~~~ હુ ક મ ~~~**

1. આરોપી ગણપતલાલ પરભુજી પુરોહિત રહે.બોમ્બે હાઉસીંગ , બાપુનગર, અમદાવાદ મુળ રહે.કોટડા,તા.રાણીવાડા, જી.ઝાલોદ(રાજસ્થાન) નાઓને ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હામાં તકસીરવાન ઠરાવી, ઈ.પી.કોડ કલમઃ૨૭૯ ના ગુનાના માટે રૂ.૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) દંડ અને ઈ.પી.કોડ કલમઃ ૩૦૪(અ)ના ગુનાના માટે રૂ.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) દંડ અને ઈ.પી.કો. કલમ–૩૩૭

ના ગુન્હા માટે રૂા.૨૫૦/–(અંકે રૂપિયા બસો પચાસ પુરા) દંડ એમ કુલ મળીને રૂા.૫,૭૫૦/– (અંકે રૂપિયા પાંચ હજાર સાતસો પચાસ પુરા) દંડ ફરમાવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો અનુક્રમે દિન–૧૫ ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

2. આરોપીને મો.વિ. એક્ટની કલમઃ ૧૭૭,૧૮૪ ના ગુના માટે અલગ સજા કરવામા આવતી નથી.

3. જો આરોપી દંડની રકમ ન ભરે તો ઉપરોકત તમામ સજા એકસાથે ભોગવવાની રહેશે.

**– આજરોજ તારીખ–૧૩ માહે મે , સને ૨૦૨૩ ના રોજ ઠરાવ અદાલતમાં યોજેલ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૧૩.૦૫.૨૦૨૩**

**બાયડ.**

..................................

**(પ્રણવ દિલીપકુમાર મોદી)**
**એડી. સીની. સીવીલ જજ અને**
**એડી ચીફ જયુડી.મેજી.,બાયડ**
**કોડ નં.જીજે૧૨૦૨.**